# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેરા બાકીદારો સામે ફરી લાલ આંખ કરી

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આજે વેરા બાકી દારો સામે ફરી લાલ આંખ કરાતા અન્ય વેરા બાકીદારો માં ફફડાટ જોવા મલ્યો હતો તો પ્રાંતિજ નગરપાલિકા દ્વારા એપ્રોચરોડ ઉપર આવેલ ધનશ્યામ કોમ્પલેક્ષ માં ચાર દુકાનો ને સીલ માર્યુ હતું.



પ્રાંતિજ નગરપાલિકા છેલ્લામાં છેલ્લા કેટલાય વર્ષોથી અને છેલ્લા એક બે વર્ષ થી દુકાનો ના વેરા ના ભરેલા હોય તેવા દુકાન દારો વેરા બાકી દારો સામે આજે પ્રાંતિજ નગરપાલિકા ના મુખ્ય અધિકારી પ્રાર્થન બેન રાઠોડ દ્વારા ફરી વેરા બાકીદારો સામે લાલ આંખ કરવામાં આવી છે તો પ્રાંતિજ ખાતે ચાર કરોડ ઓગણચાલીસ લાખ માગણુ બીલ બાકી છે જેની સામે માત્ર એક કરોડ નીજ વસુલાત થઈ છે ત્યારે હાલતો પ્રાંતિજ નગરપાલિકા દ્વારા દશ હજાર થી ઉપરના વેરા બાકીદારો દુકાન માલિકો ઉપર એક્શન લેવા મા આવી હતી અને મિલ્કત સીલ કરવામા આવી છે જેમા પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ધનશ્યામ કોમ્પલેક્ષ મા આવેલ ચાર દુકાનોને સીલ મારવામાં આવ્યું હતું તો નગરપાલિકાના કર્મચારીઓ સીલીંગ ની કામગીરી માં જોડાયા હતા જેમાં જતીનભાઈ જોશી , પ્રશાંત ભાઈ વ્હોરા , સંજયભાઈ ચૌધરી , ચિન્ટુભાઈ પરમાર , ગુણવંતભાઈ , મિલનભાઈ સહિત ની ટીમ દ્વારા સિલીંગ ની કામગીરી હાથધરી હતી તો દુકાનો ને સીલ મારવામાં આવતા અન્ય વેરા બાકીદારો માં ફફડાટ જોવા મલ્યો હતો .

## પ્રવાસન ધામ પોળો ખાતે પર્યટન પર્વની ઉજવણી

# વિજયનગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને પર્યટન પર્વ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ

બાયડ તા.૨૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર સાબરકાંઠાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલની ઉપસ્થિતિમાં પર્યટન પર્વ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ શારણેશ્વર મહાદેવ મંદિર, આભાપુર, વિજયનગર ખાતે યોજાયો હતો.



આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે વિજયનગરનું પોળોએ પ્રવાસન માટેનું સ્થાન બની ગયું છે. અહીંનું શારણેશ્વર મંદિર પુરાતન સંસ્કૃતિનો અનુભવ કરાવે છે. વૈદિક સંસ્કૃતિને સાચવવાની જવાબદારી આપના સૌની છે. આપની સંસ્કૃતિને જાળવવા, ઉજાગર કરી આગળ લાવવા માટે આવા સાંકૃતિક કાર્યક્રમ ખુબ મહત્વનો ભાગ ભજવે છે. ચોમાસાની ઋતુમાં દેશભરમાંથી પોળો જંગલના જૈન દેરાસરો અને લીલીછમ વનરાજીને જોવા અને માણવા સૌ કોઈ આવે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા પોળોની જેમ વધુને વધુ પ્રવાસન વસે અને રોજગારી વધે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગત વખતે પોળોની ટેન્ટસીટીમાં કાર્યક્રમ વખતે પોળોની વન પેદાશો રાજ્ય સ્તર સુધી પહોંચે તે માટે એમોયુ કરવામાં આવ્યા હતા. જેમાં આ વિસ્તારની મહત્વની વન પેદાશ એવા કેસુડાના ફુલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પોળો પ્રવાસન તરીકે વિકસવાથી અહીંના લોકોને કેસુડો, ટીમરું અને મકાઈના ડોડામાંથી રોજગારી મળી રહી છે.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળ કલાકારો દ્વારા ગરબો, શિવતાંડવઃ જેવા પ્રોગામો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. ઉપરાંત લોક ગાયિકાં અને કલા વૃંદ કાજલ મહેરિયા અને નીતિન બારોટ દ્વારા ગરબાની રમઝટ બોલાવામાં આવી હતી. જેની કલા રસિકો દ્વારા ભરપૂર મોજ માણી હતી.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી દિપકભાઈ નિનામા,જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા, જિલ્લા પંચાયત સદસ્યશ્રી લીનાબેન પટેલ,તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી બબુબેન રબારી, , વિજયનગર મામલતદારશ્રી, ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીશ્રી , જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતિ આશાબેન પટેલ, તાલુકા વિકાસ અધિકરીશ્રી તથા મોટી સંખ્યામાં કલા રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડામાં શ્રી સરસ્વતી શારદા પ્રાથમિક શાળામાં સ્માર્ટ રૂમનો શુભારંભ

ભિલોડા,તા.૨૯

ભિલોડામાં ગોવિંદનગર વિસ્તારમાં વર્ષોથી કાર્યરત શ્રી સરસ્વતી શારદા પ્રાથમિક શાળામાં સ્માર્ટ રૂમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાજર રહી ને શાળા પરિવારનો ઉત્સાહ વધાર્યો હતો.શાળા પરિવારે આવેલ મહેમાનો, વાલીઓને કુંમ-કુંમ તિલક કરીને હ્રદય પૂર્વક આવકાર્યા હતા.બેટી પઢાવો, બેટી બચાવોના મંત્રને ફળીભૂત કરવા શાળા પરિવારે સ્માર્ટ રૂમનું ઉદ્‌ઘાટન દીકરોઓના વરદ્‌ હસ્તે કરાવી સમાજને એક નવીન રાહ બતાવ્યો છે.૨૧મી સદીનો હાઈટેક ફાસ્ટ યુગ, વિજ્ઞાન અને ટેકનોલોજીએ જ્યારે હરણફાળ ભરી છે ત્યારે બાળકોને ટેકનોલોજી સહ અદ્યતન શિક્ષણ આપી, ઉજ્જવળ ભવિષ્ય માટે સતત ચિંતિત શાળા પરિવારે સ્માર્ટ રૂમની શરૂઆત કરી છે.શાળા સંચાલક મંડળના મંત્રી મિતેશકુમાર ભાવસાર, યોગાચાર્ય હિતેન્દ્રભાઈ પંચાલ, સમાજ સેવક મુકેશભાઈ પટેલ, નેશનલ ખેલાડી બંટી પટેલ સહિત ગ્રામજનો,વાલીઓ હાજર રહ્યા હતા.સમગ્ર શાળા પરિવારનો અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.



# ચૈત્રી નવરાત્રિ - રમઝાન માસમાં ફળોની માંગમાં ધરખમ વધારો

## જિલ્લામાં ફળની માંગ વધતાં ભાવ બેકાબુ બન્યા

બાયડ, તા.૨૯



સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચૈત્રી નવરાત્રિ અને રમઝાન માસના આરંભથી તમામ વિસ્તારોમાં ફળોની માંગમાં ધરખમ વધારો થયો છે. ચૈત્રી નવરાત્રિના ઉપવાસ અને રમઝાનમાં રોઝો છોડ્યા પછી ફળનો ઉપયોગ વધ્યો સાથે ભાવ બેકાબુ બન્યા છે. કમોસમી માવઠાના કારણે એક તરફ બાગાયતી પાકોને માઠું નુક્સાન પહોંચ્યું છે ત્યાં હવે ફળોની માંગ વધી હોવાથી તેની સીધી અસર ભાવ ઉપર જોવા મળી છે. જિલ્લામાં ચૈત્રી નવરાત્રિનો આરંભ થયો ત્યારથી ઉપવાસીઓ ફળાહાર ઉપર દિવસ વિતાવી રહ્યા છે જેના કારણે પ્રત્યેક પરિવારોમાં ફળનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે તે સાથે હવે મુસ્લિમોના પવિત્ર રમઝાન માસનો પણ આરંભ થયો છે જેમાં રોઝો છૂટ્યા પછી ફળનો વધુ ઉપયોગ થતો હોવાથી ફળ બજારમાં જબ્બર ભીડ જોવા મળતી હોય છે. જિલ્લામાં તહેવારો સમયે ફળના ભાવમાં હવે ધરખમ વધારો થયો છે. જિલ્લામાં ફ્રુટ બજારમાં ઘરાકીની તેજી આવી તે સાથે ભાવ બેકાબુ બન્યા છે. અગાઉ વરસેલા કમોસમી માવઠાના કારણે બાગાયતી પાક પૈકી ફળની ખેતીને માઠું નુક્સાન થયું એક તરફ માંગ વધી છે અને બીજી તરફ અન્ય રાજ્યોમાંથી આવતા ફળના જથ્થામાં કાપ મૂકાયો હોવાના કારણે ભાવ કાબુ બહાર જઈ રહ્યા છે. જિલ્લામાં તરબૂચ ચીકુ, કેળાં, પપૈયા, કેરી સહિતના ફળોમાં ભાવ હવે ઉંચકાવવા લાગ્યા છે.



તલોદ પંથકમાં દેવ-મંદિરોમાં ચૈત્રી આઠમના હોમ-હવનથી ભક્તોની ભીડ ઉમટી પડી હતી. ઠેર-ઠેર આરતી, હવન પૂજા અર્ચના અને મહાપ્રસાદી લઈ મંદિરોમાં ઊભરાયેલા દર્શાનાર્થીઓથી ધાર્મિકતાની સુવાસ ફેલાઈ હતી. નાગરેશ્વરી મંદિર, બળીયા દેવ મંદિર, ઊલાઈમાતા,અંબાજી મંદિર, દિપેશ્વરી મંદિર, ચેહર માતાનું મંદિર, વેરાઈ માતા, વહાણવટી સિકોતર જેવા અનેક મંદિરોમાં પૂજા અર્ચના, હોમ હવન , પૂજા અર્ચના, આરતી મહાપ્રસાદી, નવદુર્ગાના જપ ઘોષથી તલોદ પંથકમાં ધાર્મિકતાની સુવાસ ફેલાઈ હતી.





**સઢા ગામે જોગણી, શ્રી કોદર માતાજી મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો...**

હિંમતનગર તાલુકાના સઢા ગામે જોગણી અને શ્રી કોદર માતાજીના નવીન મંદિરના પરિસરમાં નવચંડી યજ્ઞ સાથે સ્વ. મફત બાપા અને માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રબારી અપૂલભાઈ મફતભાઈ ભુવાજીના મુખ્ય યજમાન પદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાસ્ત્રી કૌશિકભાઈ જોશી રૂપાલના હસ્તે માતાજીની મૂર્તિઓનો વૈદિક મંત્રોચાર સાથે પ્રતિષ્ઠાન કરવામાં આવ્યું હતું. આ મોત્સવમાં માતાજીની મૂર્તિઓ સાથે સઢા ગામની મુખ્ય શેરીઓમાં વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં રબારી સમાજ પરગણા મંદિરના સંતો- મહાસંતોને સુશોભિત રથ અને ઘોડા પર બિરાજમાન કરી માતાજીના જયઘોષ સાથે શ્રદ્ધાળુ લોકો ડી.જે.ના તાલે ઘૂમ્યા હતાં. રાત્રિ દરમિયાન રાસ-ગરબા અને સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં રાજકીય આગેવાનો, રબારી સમાજના અગ્રણીઓ અને ધર્મપ્રેમી શ્રદ્ધાળુ લોકો મોટી સંખ્યામાં જોડાઈ દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

# રામનવમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આજે તલોદ ખાતે શોભાયાત્રા નીકળશે

તલોદ તા. ૨૯

તલોદ તાલુકાના મુખ્ય મથક તલોદ ખાતે આજે રામનવમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ અને અન્ય હિન્દુ સંગઠનો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે શહેરમાં ટી આર ચોકડી થી ભવ્ય શોભાયાત્રા કાઢી ટાવર ચોકથી મેઈન બજાર માં થઈ માતાજીના ચોક સુધી યોજનાર છે. આ અંગે માહિતી આપતાં તલોદ નગર પાલિકા ના ઉપપ્રમુખ રુતુલ પટેલે જણાવ્યું હતું કે તલોદ શહેર માં રામનવમી નિમિત્તે પ્રતિવર્ષ ઉત્સાહભેર રામ નવમી પર્વ ની ઉજવણી કરવામાં આવે છે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પરંપરા ગત રીતે નીકળતી શોભાયાત્રા આજરોજ ટી આર ચોકડી થી સવારે સાડા દસ કલાકે થી પ્રસ્થાન કરશે પ્રસ્થાન સ્થળથી નીકળીને ટાવર ચોક પાસે થી પસાર થઈ મુખ્ય બજાર થઈ માતાજીના ચોક માં પરત ફરશે ત્રણ કિલોમીટર જેટલી લાંબી રથયાત્રા માં ડી જે ના તાલે ઢોલ નગારા સાથે સંગીત ની રમઝટ સાથે ભવ્યાતિભવ્ય ભગવાન શ્રી રામ ની શોભાયાત્રા નીકળશે આ શોભાયાત્રા માં ભજન મંડળીઓ અને હિન્દુ ધર્મમાં વિવિધ સંગઠનો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભાઈબહેનો જોડાનાર છે. આ શોભાયાત્રા માં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી પુર્ણ કરી દેવામાં આવી હોવાનું ચીફ ઓફિસર હિરેન સોલંકી દ્વારા એક મુલાકાત માં જણાવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે છ વર્ષના મુસ્લિમ બાળકે પવિત્ર રમઝાન માસમાં એક દિવસના રોઝા અદા કર્યા

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ જબુચોરા વિસ્તાર માં રહેતા છ વર્ષ ના મુસ્લિમ બાળકે રમઝાન માસના તેના જીવન નુ પહેલા રોઝા અદાકરી ને ધાર્મિક પરંપરા નિભાવી હતી. પ્રાંતિજ ના જબુચોરા વિસ્તારમા રહેતા મોહમ્મદ તવાબ મોહમ્મદ પરવેજ રાઠોડ આ પવિત્ર રમઝાન માસમા તેના જીવનના પહેલા રોઝા એક દિવસ માટે ઉપવાસ કરીને ખુદાની ઈબાહત કરી હતી આ બાળકે રમઝાન માસમા એક દિવસ નો ઉપવાસ કરી એટલેકે રોઝા રાખ્યા હતા.



# વિદ્યાર્થીદીઠ રૂા. ૨૦ હજાર સરકાર આપશે, સરકારી પ્રા.શાળાઓ ભૂતકાળ બની જશે

**સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે જ્ઞાનસેતુ ડે-સ્કુલ, જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કુલ અંગે પુન વિચારણા કરવા રાજ્ય સંઘને પત્ર પાઠવ્યો : સરકારી શાળાઓ ધીમે ધીમે બંધ થવાની નોબત આવશે તેવી આશંકા વ્યક્ત કરી**

બાયડ તા.૨૯

જૂન-૨૦૨૩ થી શરુ થનારા નવા શૈક્ષણિક સત્ર દરમ્યાન દરેક જિલ્લામાં જ્ઞાનસેતુ ડે-સ્કુલ, જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કુલ તથા રક્ષાશક્તિ સ્કુલ પી.પી.પી.ના ધોરણે શરુ કરવાનો નિર્ણય લઈ તેની અમલવારી માટે તૈયારીઓ શરુ થઈ છે. તા.૨૭ એપ્રિલના રોજ કોમન એન્ટ્રસ ટેસ્ટ યોજાવવાનો છે અને તેનો અમલ થશે તો સરકારી શાળાઓ ધીમે ધીમે બંધ થવાની નોબત આવશે. સરકારી પ્રા.શાળાઓ ભૂતકાળ બની જવાની સંભાવના છે અને ધીમીગતિએ શીખનાર પ્રિય બાળકો સરકારી શાળાઓમાં જોવા મળશે જેથી રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ આ અંગે સરકારમાં ઝડપથી રજૂઆત કરે તે માટે સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પત્ર પાઠવવામાં આવ્યો છે. જ્યારે જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના હજારો શિક્ષકોમાં પી.પી.પી.ના ધોરણે શરુ થઈ રહેલી સ્કૂલો સામે આક્રોશ જોવા મળ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર તાજેતરમાં સરકાર દ્વારા પી.પી.પી.ના ધોરણે જિલ્લા અને તાલુકા કક્ષાએ શાળાઓ કરવાનો નિર્ણય લઈ તે દીશામાં સરકાર આગળ વધી રહી છે. જેના કારણે સાબરકાંઠા જિલ્લાના પ્રા.શિક્ષકોમાં જોવા મળેલો છૂપો રોષ હવે સપાટી પર આવી રહ્યો છે. સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આ અંગે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘને ધ્યાન દોરીને આ મુદ્દે સરકારને રજૂઆત કરી પી.પી.પી.ના ધોરણે જ્ઞાનસેતુ ડે-સ્કુલ, જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કુલ તથા રક્ષાશક્તિ સ્કુલ શરુ કરવા ઉપર બ્રેક લગાવવામાં નહીં આવે તો ધો.૫ ની સરકારી શાળાઓમાં માત્ર પ્રિય બાળક રહેશે. તેજસ્વી બાળકો આવી શાળાઓમાં પ્રવેશ મેળવી લેશે જેથી ભવિષ્યમાં આવનારા સમયમાં ધો. ૬ થી ૮ ની સરકારી શાળાઓમાં મોટા પ્રમાણમાં ઓવર સેટઅપના પ્રશ્નો ઉભા થશે. જેથી ધો.૫ ના બાળકોની કોમન એન્ટ્રસ પરીક્ષા લઈને ધો. ૬ માં પ્રવેશ આપવા માટેની જાહેરાત આવ્યા પછી રાજ્ય સંઘે પણ આ મુદ્દે સરકારમાં સરકારી પ્રા.શાળાઓ હિતમાં યોગ્ય રજૂઆત કરવી જોઈએ તેવું ધ્યાન દોરવામાં આવ્યું છે.

### સંઘ દ્વારા સરકારમાં થયેલ રજૂઆત

સંઘ દ્વારા સરકારમાં પી.પી.પી.ધોરણે થતી શાળાઓના કારણે સરકારી શાળાઓમાં શું અસર થશે ?? તેની રજૂઆતો કરી છે જેમાં જણાવ્યું છે કે પી.પી.પી.શાળાઓમાં પરીક્ષા લઈ પ્રવેશ અપાશે તો સરકારી શાળાઓમાં નબળા બાળકો રહેશે. સ્વનિર્ભર શાળામાં અભ્યાસ કરતા બાળકોને જ્ઞાનશક્તિ કે જ્ઞાનસેતુ શાળામાં એડમીશન નહીં અપાય જેથી શિક્ષણની સમાન તક, હક્ક છીનવાશે, લાખો બેરોજગાર યુવાનોનું સરકારી શાળાઓના શિક્ષક બનવાનું સ્વપ્ર રોળાઈ જશે, ધીમે ધીમે સરકારી શાળાઓ બંધ થઈ તેનું સંપૂર્ણ ખાનગીકરણ થઈ જશે, શિક્ષણ વેપાર બની જશે, પી.પી.પી. શાળાઓ ભ્રષ્ટાચાર અને શોષણના કારખાના બની જશે.

### પ્રાથમિક શિક્ષણ સચિવે ભયંકર ખેલ પાડ્યાનો આરોપ

છેલ્લા ૪-૫ દિવસથી શિક્ષકોના સોશ્યલ મીડીયા ગૃપમાં વાયરલ થયેલા મેસેજમાં જણાવ્યું છે કે શિક્ષણના ખાનગીકરણનું આ મહાભયંકર ષડયંત્ર છે. છેલ્લા ૧૦-૧૫ દિવસમાં શિક્ષકોના જેટલા ગૃપો છે તેમાં સર્વેક્ષણના બહાને જે પરીક્ષા યોજાવવાની છે તેની ચર્ચા ચાલુ છે તેની આડમાં ગુજરાત સરકાર અને પ્રાથમિક શિક્ષણ સચિવે એક ભયંકર ખેલ પાડી દીધાનો આરોપ લાગ્યો છે.

# પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂ સાથે અમદાવાદના ઈસમને ઝડપી પાડયો

**પોલીસે સેટ્રોકાર સાથે અમદાવાદના ઈસમ ને ઝડપી પાડયો : વિદેશીદારૂ કાર સહિત રૂપિયા-૧૭૭,૭૫૦ નો મુદામાલ કબ્જે કર્યો**

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ફતેપુરા પાસેથી બાતમીના આધારે પ્રાંતિજ પોલીસે સેટ્રોકાર માંથી વિદેશીદારૂ સાથે અમદાવાદ ના ઈસમ ને ઝડપી પાડયો. પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના ફતેપુરા વિસ્તાર મા પોલીસ પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન તેવોને ખાનગી રાહે બાતમી મળી કે એક સફેદ કલરની સેટ્રોકાર નંબર GJ27C4676 નો ચાલક પોતાની કારમા વિદેશી દારૂ ભરીને આવે છે જે બાતમીના આધારે પ્રાંતિજ પોલીસ દ્વારા ફતેપુરા પાસે વોચ ગોઠવતા બાતમી નંબર વારી સેટ્રોકાર આવતા તેને હાથ લાબો કરી ઉભીરાખતા કાર મા તપાસ કરતા કારમાંથી અગલ અલગ કંપીનો નો ભારતીય બનાવટ નો વિદેશીદારૂ મળી આવતા સેટ્રોકાર ચાલક વિક્રમ કુમાર સ્વામી કવન્ડર પાસે પાસ પરમીટ માગતા ના હોય તો પોલીસ કુલ-૨૬,૫૫૦ વિદેશીદારૂ તથા સેટ્રોકાર જેની કિંમત ૧,૫૦,૦૦૦ તથા અંગઝડતી માંથી મળેલ-૭૦૦ તથા એક મોબાઈલ જેની કિંમત-૫૦૦ મળી કુલ ૧૭૭,૭૫૦ મુદામાલ સાથે પ્રાંતિજ પોલીસે અમદાવાદ ના વિક્રમ કુમાર સ્વામી કવન્ડર રહે સી ૨૦૨ જલારામ વાટીકા સોસાયટી ન્યુ મણીનગર રામોલ , ગામ. અમદાવાદ તા.અમદાવાદ જિ અમદાવાદ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૬૫(એ),૬૫(ઈ),૯૮(૨) મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથધરી હતા.